# સાવધાન

# શહેરમાં કોરોના પોઝેટીવના ૩૭ દર્દીઓ વેન્ટીલેટર પર છે : ૧૧૪ને ઓક્સીજન સપોર્ટ

## સિવિલ હોસ્પિટલમાં ૨૪૪, આશ્કા હોસ્પિટલમાં ૯૨ અને સ્વામિનારાયણમાં ૩૦ દર્દીઓને સારવાર અપાઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૦
શહેરમાં કોરોના સંક્રમણ ભારે ચિંતાજનક સ્તરે વધી રહ્યુ છે અને આવનારા દિવસોમાં સ્થિતિ ભયાનક બનશે એવા એંધાણ મળી રહ્યા છે. આજે ૨૦મી સાંજે શહેરની સરકારી અને બીન સરકારી હોસ્પિટલોમાં થઈ ૩૬૬ કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે જે પૈકી ૩૭ દર્દીઓ વેન્ટીલેટર પર છે જ્યારે ૧૧૪ દર્દીઓ ઓક્સીજનના સપોર્ટથી સારવાર હેઠળ છે. સિવિલ હોસ્પિટલમાં ૪૫ દર્દીઓ શંકાસ્પદ હોવાથી સારવાર લઈ રહ્યા છે જેમાંથી ૨૪ને ઓક્સીજન સપોર્ટ અપાઈ રહ્યો છે. આમ સમગ્રતયા એક્ટીવ કેસની સંખ્યા પહેલા ફેઝ કરતા પણ ૫૦ ટકા વધુ હોવાનું તબીબી સુત્રોમાંથી જાણવા મળે છે.

જ્યારે રેપીડ ટેસ્ટ સેન્ટરો સેક્ટર-૨૧ અને અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨ અને સેક્ટર-૨૪માં વહેલી સવારથી ટેસ્ટ માટેની લાઈનો લાગી હતી. બીન સત્તાવાર સુત્રો મુજબ આજે આખા દિવસ દરમ્યાન ૬૫૦ થી વધુ એન્ટીજન ટેસ્ટ કરાવાયા છે. જેમાં ૩૦ ટકાથી વધારે પોઝીટીવ રીપોર્ટ આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. આ ઉપરાંત શ્રદ્ધાદિપ ગ્રીનક્રોસ, સુપ્રાટેક, સર્વોદય લેબ અને મેડીકલ કોલેજની પેથોલોજી લેબોરેટરી થઈ ૩૪૦ આરટીપીસીઆર ટેસ્ટ માટેના સેમ્પલ લેવાયા છે. જેના રીપોર્ટ આવતીકાલ સવાર સુધીમાં આવશે.

ગાંધીનગર શહેરમાં આજે રાજ્ય સરકારની યાદી મુજબ ૫૨ કોરોના પોઝીટીવ દર્દીઓ દર્શાવ્યા છે જ્યારે આસપાસના ગ્રામીણ વિસ્તારમાં ૩૪ દર્દીઓ છે આમ ગાંધીનગર શહેર જિલ્લામાં કુલ ૮૬ દર્દીઓ કોરોનાથી સંક્રમિત સત્તાવાર યાદી મુજબ થયા છે. હજુ પણ બીન સત્તાવાર આંકડાઓ ભારે ચિંતા ઉપજાવે એવા આવી રહ્યા છે. આગામી દિવસોમાં ગાંધીનગર શહેરને કઠોર નિર્ણયોનો સામનો કરવો પડે એવી સંભાવના વર્તાય છે. ગુજરાતના કોઈપણ શહેર કરતા વસ્તીના પ્રમાણમાં ગાંધીનગરની સ્થિતિ વધુ ચિંતાજનક છે. સરકારની યાદી મુજબ જોઈએ તો અમદાવાદમાં ૬૦ લાખની વસ્તી સામે ૩૦૦ કેસ છે જ્યારે ગાંધીનગરની ૩ લાખની વસ્તી સામે ૫૨ કેસ છે જે અમદાવાદ કરતા પાંચ ગણા ગણી શકાય.

### શહેરમાં હોસ્પિટલોની આજની સ્થિતિ

| કેસ | સિવિલ હોસ્પિટલ | આશ્કા હોસ્પિટલ | એસએમવીએસ હોસ્પિટલ | કુલ |
|---|---|---|---|---|
| ઈન્ડોર | ૨૪૪ | ૯૨ | ૩૦ | ૩૬૬ |
| ઓક્સિજન સપોર્ટ | ૮૦ | ૩૦ | ૦૪ | ૧૧૪ |
| વેન્ટીલેટર | ૨૭ | ૧૦ | - | ૩૭ |
| શંકાસ્પદ | ૪૫ | ૧૨ | - | ૫૭ |

### મીનાબજાર શાકમાર્કેટમાં ભારે ભીડ

અમદાવાદમાં બે દિવસ માટે કરફ્યુ લગાવી દેવાયો છે તેની સીધી અસર ગાંધીનગર પર જોવા મળી છે. ગાંધીનગરની સરકારી કચેરીઓમાં મોટાભાગના કર્મચારીઓ-અધિકારીઓ અમદાવાદથી અપડાઉન કરે છે. બે દિવસના કરફ્યુની જાહેરાત થતાં જ અમદાવાદથી અપડાઉન કરતા કર્મચારીઓએ શાકભાજી અને કરીયાણાની ખરીદી અહીથી શરૂ કરી દીધી હતી. મીનાબજારમાં ભીડ જોવા મળી હતી. જ્યારે પોઈન્ટના બસસ્ટેન્ડ પર ઉભી રહેતી શાકભાજીની લારીઓ પર પણ ભીડ જોવા મળી હતી.

## "બધું હેમખેમ છે" એવું કહેવડાવવાની લ્હાયમાં કોરોના બેકાબુ બન્યો

**સમયસર**

*"રાજ્યમાં બધુ હેમખેમ છે, અર્થતંત્ર પાટે ચડી ગયું છે, જનજીવન થાળે પડી ગયું છે, ગુજરાતે કોરોનાને હરાવી દીધું છે" આવા અનેક નિવેદનો છેલ્લા ત્રણ મહિનામાં રાજ્યના નેતાઓએ કરીને પ્રજાને બિન્ધાસ્ત બનાવી દીધી હતી. જેના પરિણામો છેલ્લા ૩૬ કલાકથી રાજ્યમાં દેખાઈ રહ્યો છે અને હજી તો શરૂઆત છે. આવનારા દિવસો કેવા હશે એની કલ્પના ધ્રુજાવે છે. દિવાળીની ખરીદીમાં ભીડમાં જનારા નાગરિકો પણ એટલા જ જવાબદાર છે. એક દિવાળી આછી કે મોળી જશે એવું પણ સ્વીકારી નહીં શકનાર સોમનાથ અને આબુ પહોંચી ભીડમાં જમાવટ કરી જેના સીધા બાણ ગુજરાતના ખુણે ખુણે કોરોના વિસ્ફોટ રૂપે પ્રગટ્યો છે.*

*સરકારે શા માટે કોરોનાની વાસ્તવિક સ્થિતિથી સમાજને અજાણ રાખ્યું એ મોટો પ્રશ્ન છે. જો સાચા આંકડા જાહેર કરાયા હોત તો આટલી બિન્દાસ્ત સ્થિતિ કે બેજવાબદારીભર્યુ વર્તન ન થાત એ ચોક્કસ છે. રાજકીય મેળાવડાઓ, પ્રચારસભાઓ કે સરકારી સમારંભો વધુ એક-બે મહિના બંધ રખાયા હોત તો સમાજ પણ એમાંથી પ્રેરણા લઈ નિયમોનું પાલન કરત. પણ 'યથા રાજા તથા પ્રજા' એ ન્યાયે રાજકીય શાસકો પણ બેફામ બન્યા અને સમાજ પણ બેફામ બન્યો. પરિણામે કોરોના પણ બેફામ બન્યો..! વધુ છુટ આપવાની લ્હાયમાં... સારપ દેખાડવાની હોંશમાં... હિત કરતાં અહિત વધારે થયું છે એ સ્વીકારવાનો સમય આવ્યો છે.*

*અને હા..! હજુ મોડુ થઈ જાય એ પહેલાં કોરોનાને કાબુમાં લેવા માટે સંક્રમણની ચેઈન તોડવા માટે કઠોર નિયંત્રણો લાદવા જ જોઈએ. જીએસટી કલેક્શનનો મોહ છોડીને વેપાર-ધંધાનો સમય પણ મર્યાદિત કરવો જોઈએ. મેળા-મહોત્સવો બે મહિના માટે સદંતર બંધ રાખવા જોઈએ. હજુ ડિસેમ્બર-જાન્યુઆરીમાં ઠંડીનું પ્રમાણ વધવાના કારણે કોરોનાનો પ્રકોપ ભયંકર સ્વરૂપ લે એ પહેલાં સંક્રમણને નાથવા અવરજવર ઉપર પ્રતિબંધ મુકવાથી કંઈ ખાટું કે ખોટુ થઈ જવાનું નથી... પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના એ શબ્દોને યાદ રાખવા જેવા છે કે "જાન હૈ તો જહાન હૈ' માનવજીવનને બચાવવા માટે સરકારે કડકમાં કડક વલણ અપનાવીને સંક્રમણને કાબુમાં લેવું જ જોઈએ. અને એમ કરવામાં લાંબે ગાળે રાજકીય કે આર્થિક નુકશાન નહીં થાય ઉલટાનું માનવજીવન બચાવવાનું પુણ્ય થશે..!!*

# શહેરમાં ૬૦૦ના એન્ટીજન ટેસ્ટ કરાયા, ૬૦ના રિપોર્ટ પોઝીટીવ

### ટેસ્ટીંગ સેન્ટર વધારવા ડે. મેયરે પત્ર લખ્યો : તકેદારીના પગલાં માટે જન શિક્ષણ અભિયાન ચલાવો સ્થાયી સમિતિના ચેરમેને પણ પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમણના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેને પગલે ટેસ્ટીંગના પ્રમાણમાં પણ ગતિ આવી છે. શહેરમાં આજે સે. ૨૧ અને સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટર પર ટેસ્ટીંગ માટે સ્વયંભુ લોકો જોડાયા હતા અને ટેસ્ટ કરાવતા જણાયા હતા.

મળતી વિગતો પ્રમાણે આજે શહેરમાં ૬૦૦થી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે પૈકી ૬૦ જેટલા કેસ પોઝીટીવ જણાયા હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં જે ગતિએ કેસો બહાર આવી રહ્યા છે તેને લઈ હવે તંત્રની ચિંતા પણ વધી છે. દરમ્યાન સરકારે પણ હવે આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યા વધારવા માટે તંત્રને સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ શહેરના ડે. મેયર નાઝાભાઈ ઘાંઘરે આજે મ્યુનિ. કમિશનરને એક પત્ર લખી રેપીડ એન્ટીજન ટેસ્ટના સેન્ટરો વધારવા માટે જણાવ્યુ છે. આ ઉપરાંત શહેરમાં નવા સમાવાયેલા વિસ્તારોમાં પણ આવા ટેસ્ટીંગ સેન્ટર ઉભા કરવામાં આવે તેવી રજુઆત કરી છે.

બીજી તરફ સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ કમિશનરને પત્ર લખી જનજાગૃતિ અભિયાન જાહેર સ્થાનો પર યોજી અને લોકો તકેદારી રાખે તેવો સંદેશ આપવા જણાવ્યુ છે. તેમણે હેન્ડ વૉશ કેવી રીતે કરવા, માસ્ક કેવી રીતે પહેરવો જોઈએ તેમજ તેના નિકાલ માટે શું કરવુ તેવા નાના-નાના મુદ્દાઓને આવરી લઈ તકેદારી કેવી રીતે રાખશો તેની જાણકારી આપવી જોઈએ. સોશિયલ ડિસ્ટન્સીંગ કેવી રીતે જાળવવું, ક્યાં ક્યાં તેની કાળજી લેવી જોઈએ તે બાબતને પણ આ અભિયાનમાં સામેલ કરવી જોઈએ. સત્તાધારી પક્ષના બે હોદ્દેદારોએ પત્ર લખી કમિશનરને રજુઆત કરી હોવાથી કમિશનરેટ પણ હરકતમાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

### સિવિલ હોસ્પિટલના ૮મા માળે એર સરક્યુલેશન માટેના એક્ઝોસ્ટ ફેન બંધ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં ૮મા માળે કોવિડના ઈમરજન્સી વોર્ડમાં રખાયેલા એ.સી.ના એક્ઝોસ્ટ ફેન વોર્મર સાથે બંધ થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે. સામાન્યતઃ હોસ્પિટલોમાં આવા વોર્ડમાં એર સરક્યુલેશન જળવાઈ રહે તે જરૂરી છે અને તે માટે ખાસ વોર્મર સાથેના એક્ઝોસ્ટ ફેન પણ હોય છે. એક મિનિટમાં ૧૫ વખત સામાન્ય રીતે એરનું આવા-ગમન થતુ હોય છે. છેલ્લા ઘણા સમયથી આ સુવિધા સિવિલ હોસ્પિટલમાં ખોરવાઈ જવા પામી હોવાનું પણ જાણવા મળેલ છે. આ વાતને કોઈ સત્તાવાર સમર્થન પ્રાપ્ત થતુ નથી. વોર્ડમાં ખાસ સુવિધાઓ હોવાનું જ તંત્ર કહી રહ્યું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ૩૦૦ બેડની ડેઝીગ્નેટેડ હોસ્પિટલ ઘોષિત કરવામાં આવેલી છે.

### કલેક્ટર કચેરી અને મનપા ખાતે કોવિડની જાણકારી માટે ખાસ કંટ્રોલરૂમ શરૂ થશે

**જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં સોશિયલ ડિસ્ટન્સીંગનો ભંગ થતો હોય તેવા સ્થાનો જરૂર પડ્યે સીલ કરવા માટે પણ તંત્રને પ્રભારી સચિવની ટકોર**

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અને મહાનગરપાલિકા ખાતે આજથી ખાસ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે આજે સંકલિત વિભાગોના અધિકારીઓની યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ કંટ્રોલરૂમમાંથી કઈ હોસ્પિટલમાં હાલ જગ્યા ઉપલબ્ધ છે, ક્યાં ક્યાં ટેસ્ટીંગ કરાવી શકાય તેના સ્થાન તેમજ તંત્ર દ્વારા ઉભા કરાયેલ ટેસ્ટીંગ સેન્ટર સહિતની વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આજની આ બેઠકમાં ગુગલ એપના માધ્યમથી પ્રભારી સચિવ સુશ્રી સુનયના તોમર પણ જોડાયા હતા. તેમણે જ્યાં જ્યાં ભીડ જણાતી હોય સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોય ત્યાં તાત્કાલિક કાયદેસર કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપી હતી. આ ઉપરાંત જરૂર પડ્યે આવા સ્થાનો સીલ કરવા માટે પણ તાકીદ કરી હતી.

આ બેઠકમાં માસ્ક ન પહેરનારા સામે દંડનીય કાર્યવાહી સઘન ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવામાં આવે તેમ પણ તેમણે કહ્યુ હતુ. ગ્રામીણ વિસ્તારમાં પણ સોશિયલ ડિસ્ટન્સીંગની જાળવણીના અસરકારક અમલીકરણનો આગ્રહ તેમણે કર્યો હતો.

કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારમાં તેના નિયમોની અમલવારીનું મોનીટરીંગ તેમજ સર્વેલન્સ સઘન કરવા પર પણ આજની બેઠકમાં ભાર મુકવામાં આવ્યો હતો. ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા તકેદારીના પગલાંઓ અંગે ખાસ જન શિક્ષણ અભિયાન સઘન બનાવવામાં આવે તેના પર કલેક્ટરે ભાર મુક્યો હતો. આ બેઠકમાં જિલ્લામાં કોરોનાના કેસો અને તેની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. દરમ્યાન મહાનગરપાલિકાએ આજે સાંજે કંટ્રોલરૂમ કાલ સવારથી કાર્યરત થશે અને તેનો નંબર ૮૧૪૧૮૦૦૭૫૧ રહેશે.

### ખૂણેખાંચરેથી

- રાજયના ગ્રામ વિકાસ કમિશનરશ્રીએ આજે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે સમીક્ષાઓ કરી હતી.
- રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રા. શિક્ષકોના વધ ઘટના કેમ્પોના આયોજન અંગે ખાસ વી.સી. કરી અને તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓની પણ સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ઈન્ફેકશન કંટ્રોલ ટીમ આજે મલાકાતે આવે તેવા સંકેતો મળ્યા છે.
- આજે સાંજના સુમારે કલોલ અડાલજ વચ્ચે થોડાક સમય માટે ટ્રાફિક જામ થયો હતો.
- ગાંધીનગર શહેરના ટ્રાફિક સિગ્નલોમાં તકનીકી સમસ્યા ઉભી થતાં આજે ચ-૩નું સિગ્નલ પોઈન્ટ બંધ રહ્યું હતું.
- ગાંધીનગર શહેરમાં સે-૬ અને ૫ વચ્ચે આવેલ ઝુંપડપટ્ટી પર આજે સાંજે દબાણતંત્ર ત્રાટક્યું હતું.

# ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બન્યો

### ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ કેસ નોંધાયા : ગાંધીનગરમાં ૧૮, દહેગામમાં ૧, કલોલમાં ૪ અને માણસામાં ૨ કેસ

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બન્યો છે આજે આ એક જ તાલુકામાં ૧૮ કેસ નોંધાયા છે. જેમાંથી ૬ કેસ વાવોલમાંથી, ૩ કેસ કુડાસણણાંથી, સી.આર.પી.એફ. લવારપુરમાંથી ૨, સરગાસણમાંથી ૨ કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આજે ૨૫ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૮ ગાંધીનગરમાં, દહેગામમાં ૧, માણસામાં ૨ અને કલોલમાંથી ૪ કેસ મળી આવ્યા છે. આજે ૮ મહિલા દર્દી અને મોટી વયના લોકો પણ સંક્રમિતોની યાદીમાં છે જેનાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં પણ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે ત્યારે તંત્રની કામગીરીના ભારણમાં પણ વધારો થયો છે.

આજે નોંધાયેલા કેસમાંથી ૫૦ ટકાથી વધુ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી રહી છે. તેના અસરકારક અમલીકરણ માટે આજે પ્રભારી સચિવ સુશ્રી સુનયના તોમરે ખાસ કડક સૂચના આપી સર્વેલન્સ સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

ગાંધીનગરના વાવોલ ગામેથી આજે ૬ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ૩૦ વર્ષીય કર્મયોગી, ૫૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૩૫ વર્ષીય ખાનગી નોકરિયાત, ૪૨ વર્ષીય કર્મયોગી, ૫૬ વર્ષીય ગૃહીણી તેમજ ૨૬ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ તમામે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ભાટ ગામેથી ૫૭ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સી.આર.પી.એફ. લવારપુર ખાતેથી આજે બે કેસ મળ્યા છે. જેમાં ૪૪ વર્ષીય જવાન તેમજ ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

કુડાસણ ગામેથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં ૩૫ વર્ષીય કર્મયોગી, ૪૮ વર્ષીય કર્મયોગી અને ૪૮ વર્ષીય ગૃહીણીનો સમાવેશ થાય છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુરના ફતેપુરા વિસ્તારમાંથી ૪૯ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. પેથાપુરમાંથી જ ૭૨ વર્ષીય મહિલા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ઉનાવા ગામેથી ૭૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

પોરમાંથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના જે બેકાબુ બન્યો છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સીંગનો અમલ અને સર્વેલન્સ સઘન બને તે માટે આજે ખાસ કડક તાકીદ કરવામાં આવી છે.

દહેગામ તાલુકાના પથુજીની મુવાડી ગામેથી ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાના - ૭ પર

સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાત
કોરોના હારેગા - દેશ જીતેગા
ગભરાટ નહી, સમજદારી અને સતર્કતા એ જ આપણી સલામતી.
કોરોનાથી બચવાના ઉપાયો
સાબુ અને પાણીથી નિયમિત અને વ્યવસ્થિત હાથ ધોવા
હું હંમેશા માસ્ક પહેરીને જ ઘરની બહાર નિકળીશ
બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછું એક મીટર અંતર રાખવું
શરદી, ખાંસી / કફ, ઉધરસ, તાવ, ગળાનો દુખાવો, શ્વાસ લેવામાં મુશ્કેલી જણાય કે મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાના લક્ષણો, કોરોનાના લક્ષણો અથવા અન્ય કોઈ તકલીફ જણાય તો નજીકના પેટા આરોગ્ય કેન્દ્રો / પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / અર્બન હેલ્થ સેન્ટર / સા.આ.કે ની સત્વરે મુલાકાત લઈ સારવાર મેળવો.
નૂતન વર્ષની શુભકામના સહ...ડીસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી, મહેસાણા પરિવાર

**મતદારયાદીની સુધારણા-૨૦૨૧**
૦૧-અબડાસા, ૬૧-લીંબડી, ૬૫-મોરબી, ૯૪-ધારી, ૧૦૬-ગઢડા (અજા) ૧૪૭-કરજણ, ૧૭૩-ડાંગ(અજજા) અને ૧૮૧-કપરાડા (અજજા) વિધાનસભા મતવિભાગ સિવાય.

**અમદાવાદ શહેર સિવાય**

*Electoral Literacy for Stronger Democracy*

**મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની અમૂલ્ય તક**

**તા.૨૨-૧૧-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશ**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઇ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા.૦૧-૦૧-૨૦૨૧ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે **નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)**માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો **કલર ફોટોગ્રાફ** નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે **નમૂના-૭** માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા **નમૂના-૮** માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે **નમૂના-૮(ક)** માં અરજી કરવી.

- **ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પુરાવા સાથે ત્યાંજ આપી શકશો.**
- **ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઇટ www.voterportal.eci.gov.in, www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.**

**તા.૨૨-૧૧-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળે આ દિવસે પરત આપી શકશો**

**મતદારયાદીમાં નામ કેવી રીતે ચકાસી શકાય?**
- ચૂંટણી પંચની વેબસાઈટ www.voterportal.eci.gov.in, www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર ઓનલાઈન
- ટોલ ફ્રી નંબર **૧૯૫૦** પર કચેરી સમય દરમ્યાન ફોન કરીને
- ચૂંટણી પંચની મોબાઈલ એપ્લીકેશન **"VOTER HELPLINE"** દ્વારા
- મોબાઈલ થી ૧૯૫૦ નંબર ઉપર **ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો, અને તે જ પ્રમાણે **ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે

**આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે**

**મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત**